શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
સંચાલિત
શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org     E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦     સમય: ૨ થી ૫**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૮

**પ્રશ્ન ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો. (૧૫)**

અ) છઠ્ઠો આવશ્યક કયો ? અર્થ સહિત લખો. (૫)

બ) ઉવભોગ - પરિભોગની વસ્તુના પ્રકાર કેટલા ? નીચેની વસ્તુને ક્યા પ્રકારમાં મુકશો ? (૪)

૧) ધોવણ પાણી  ૨) લીંબુનું શરબત  ૩) કોલગેટ  ૪) સાચા હીરાનો હાર
૫) પંજાબી ડ્રેસ  ૬) પરવળનું શાક  ૭) જુવાર  ૮) વાલ

ક) નીચેનાસામયિકના દોષમાં કયો દોષ લાગશે ? (૨)

૧. સામાયિકમાં બે બેનોએ ઝઘડો કર્યો.
૨. સામાયિક કરીશ તો મને થેલો મળશે.
૩. સામાયિકમાં બેઠો બેઠો અંગ મરોડે.
૪. સામયિકમાં દોડાદોડીની રમત રમે.

ડ) ૧. જીવ રાત્રે વધારે મરે કે દિવસે વધારે મરે ? જીવને મારવાવાળાને પાપ શા માટે લાગે છે. (૪)
૨. ત્રીજા વ્રતમાં કેટલા પ્રકારની ચોરીનો ત્યાગ છે ?

**પ્રશ્ન ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો. સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો. (૫)**

૧. ભગવાન શરીરની દુબળતા દૂર કરવા આહાર કરતા હતા .
૨. ભગવાન રોગ થાય તો ઔષધિની ઈચ્છા કરતા હતા.
૩. લાઢ દેશમાં અન્ય ધર્મના સાધુઓ હાથમાં કમંડળ લઈને વિચરતા હતાં.
૪. ભગવાને સંગ્રામમાં રહેલા હાથીની જેમ વિકટ પરીષહોને જીતી લીધા હતા
૫. ભિક્ષા લેવા જતાં ભગવાન કોઈ જીવો પર પ્રીતિ કે અભાવ લાવતા નહિ.

**પ્રશ્ન ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો (કોઈપણ પાંચ) (૧૦)**

૧. સાધુના ત્રણ મનોરથ લખો.
૨. કયા ત્રણ પ્રકારે દેવ પશ્ચાતાપ કરે છે ?
૩. શૈક્ષભૂમિ એટલે શું ? તે કઈ કઈ છે ?
૪. જીવ અલ્પ આયુષ્ય કર્મ શાથી બાંધે છે ?
૫. દેવ કયા સ્થાનની ઈચ્છા કરે છે ?
૬. મલ્લીનાથ ભગવાને કેટલા પુરુષો સાથે દીક્ષા લીધી ? તીર્થકર પણ છે અને ચક્રવર્તી પણ હતા તેવા કોણ કોણ ?

પ્રશ્ન ૪. શ્રી જ્ઞાતા ધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

૧. ભદ્રાએ કોની સાથે કેવીરીતે ધન્ય સાર્થવાહ માટે ભોજન મોકલાવ્યું ? (૨)
૨. ધન્ય સાર્થવાહ પાસે ભોજનમાંથી ભાગ કોણે માંગ્યો ? ધન્ય સાર્થવાહે શું જવાબ આપ્યો. (૨)
૩. વિજય ચોર અને ધન્ય સાર્થવાહ મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા ? ત્યાંથી નીકળીને કયાં જશે ? (૨)
૪. ધન્ય સાર્થવાહ કોના કોના માર્ગદર્શક હતા ? (૨)
૫. ખાલી જગ્યા પૂરો. (૨)
 ૧. સર્વ પુદગલ ........... અને ........... ને કારણે બદલાઈ જાય છે.
 ૨. રાજા જિતશત્રુ શ્રમણ નિર્ગ્રથોને ........... ........... દાન દેતા.

પ્રશ્ન ૫. અ) શ્રી ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧૫)

૧. હાથીરૂપ દેવે કામદેવ શ્રાવકને કઈ રીતે ધમકી આપી ? (૨)
૨. કામદેવ શ્રાવકે કયા તપ દ્વારા આત્માને ભાવિત કર્યો ? (૨)
૩. નીચેના લક્ષણો ક્યા રૂપના છે. (૩)
 ૧. ભયાનક  ૨. સાત અંગ  ૩. દર્શનીય  ૪. પંચરંગી રૂંવાડાં
 ૫. મેઘની ગર્જના  ૬. રૂપમાં અનુપમ
૪. શક્રેન્દ્ર મહારાજ ક્યા દેવલોકના અધિપતિ હતા ? તે ક્યા વિમાનમાં કોની વચ્ચે ક્યાં બિરાજેલ હતા ? (૩)

બ) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

૧. શ્રીવન ઉદ્યાન ક્યાં હતું ? કેવું હતું ?
૨. બત્રીસ શ્રેષ્ઠ કન્યાઓ કેવી હતી ?
૩. અનીકસેનકુમાર કોની આજ્ઞા લઇને કોની જેમ દીક્ષિત ક્યા ?
૪. બીજી અને પાંચમી ધાવમાતાનું નામ લખો.
૫. અનીકસેન અણગારે અંત સમયે શું કર્યુ હતું ?

પ્રશ્ન ૬. શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

૧. ધન્ના અણગાર કઈ શકિતથી ચાલતા હતા ? કોના વિચારોથી તેમને ગ્લાનિ થતી હતી ?
૨. ધન્ના અણગાર ગોચરીનો યોગ મળે તો શું કરે ? અને ન મળે તો શું કરે ?
૩. ધન્ના અનગાર ૧૪ હજાર સાધુઓમાં કેવા હતા ?
૪. ધન્ના અણગારે ક્યા પર્વત પર સંલેખના કરી હતી ? ક્યા વિમાનમાં કેટલી સ્થિતિએ ઉત્પન્ન થયા ?
૫. ભદ્રામાતાએ કોની પાસે શેની માગણી કરી ?

પ્રશ્ન ૭. દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

૧. ત્રસ પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? તે અર્થ સહિત લખો. (૩)
૨. નીચેના શબ્દોના મૂળપાઠ લખો. (૩)
 ૧. હણનાર  ૨. વારંવાર નિચોવે નહિ  ૩. લાકડીથી
 ૪. સ્થંડિલના પાત્રા પર  ૫. સળગાવનાર  ૬. હવાખાનાર
૩. પાઠપૂર્તિ કરો.
 ૧. પાંચમા મહાવ્રતના પચ્ચકખાણ કેવી રીતે લેશે ? (૨)
 ૨. પાણીના કેટલા પ્રકારનો ઉલ્લેખ છે ? તે ફક્ત મૂળપાઠ લખો. (૨)

પ્રશ્ન ૮. શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

૧. તિર્યચમાં શૂન્યકાળ કેમ નથી ? (૨)
૨. દેવમાં કયો કાળ થોડો અને કયો કાળ વધારે છે ? (૧)
૩. ઇહભવિક, પરભવિક અને તદુભયભવિક એટલે શું ? જ્ઞાન દર્શન, ચારિત્ર, તપ અને સંયમ કેવા છે ? (૨)
૪. અશૂન્યકાળ લખો. (૩)
૫. સંસાર સંસ્થાન કાળ અને ઈહભવિક પરભવિકનો થોકડો ભગવતી સૂત્રમાં ક્યાં આવેલો છે ? (૧)
૬. નારકી સંસાર સંસ્થાનકાળ કરતા તિર્યચસંસાર સંસ્થાનકાળ કેટલા ગુણો વધારે છે ? (૧)

પ્રશ્ન ૯. પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

અ) નીચેના બોલમાંથી ઉત્કૃષ્ટ કેટલા જીવ સિધ્ધ થાય છે ? (૪)

૧. નોઉત્સર્પિણી નો અવસર્પિણી કાળ ૨. જઘન્ય અવગાહનાવાળા ૩. નપુંસક ૪. એક સિધ્ધ
૫. તમ:પ્રભા ૬. વીંછી ૭. વાઘણ ૮. ચંદ્રની દેવી

બ) ખાલી જગ્યા પૂરો. (૨)

૧. પાંચ સમય સુધી પ્રતિસમય નિરંતર સિધ્ધ થાય તો ........... અને ........... પછી નિયમા અંતર પડે.
૨. ભવનપતિની દેવીમાંથી નીકળી, મનુષ્ય થઈ સિધ્ધ થયલો, જીવ પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળી મનુષ્ય થઈ સિધ્ધ થયેલા જીવ કરતા ........... વધારે છે.
૩. જે નદીમાં ૧ સમયમાં ૩ જીવ સિધ્ધ થઈ શકે છે ત્યાં .......... સમય સુધી સિધ્ધ થઈ શકે છે, બીજા સમયમાં અંતર પડે છે.

ક) (૪)
૧. છઠ્ઠોબોલ અને તેનો અલ્પબહુત્વ લખો. (૨)
૨. ૫ થી ૯ નો અલ્પબહુત્વ લખો. (૧)
૩. ૨૫૬ રાશિનો ઢગલો શેમાંથી લેવામાં આવ્યો છે ? (૧)

પ્રશ્ન ૧૦. (૫)

૧. પરદેશી રાજા પહેલાં ક્યા મતને માનવાવાળા હતા ? તે મતના ખંડનના ઉત્તરો કોણે આપ્યા. (૧)
૨. ક્યો સિધ્ધાંત સર્વને માટે એક સરખો છે. (૧)
૩. પરદેશીરાજા પ્રયોગ દ્વારા શેના શોધક હતા ? (૧)
૪. ૧૦, ૧૪, ૩૨ ૩૫ માં બોલની વિગત લખો. (૨)

--- જય જિનેન્દ્ર ---